# ગુજરાતમાં ડુંગળીનું સૌથી વધુ ઉત્પાદન : શ્રી સંઘાણી

## લસણ ડુંગળીનાં ભાવની ચડ ઉતરનાં નિયંત્રણ અંગે આયોજન કરીએ : મંત્રીશ્રી ભાલાળા

## લસણ અને ડુંગળીના પાક ઉપરાંત બિયારણ સંશોધન અંગે વાર્ષિક મીટીંગ મળી



**કૃષિ વૈજ્ઞાનિકોનું માર્ગદર્શન :** લસણ અને ડુંગળીના પાક તેમજ બિયારણ પર સંશોધન કરતા કૃષિ વૈજ્ઞાનિકોની બેકઠ મળી હતી જે વેળાની તસ્વીરોમાં આ તકે ઉપસ્થિત કૃષિ મંત્રી દિલીપભાઈ સંઘાણી, કૃષિ રાજયમંત્રી કનુભાઈ ભાલાળા, કૃષિ યુનિ.ના કુલપતિ ડો.એન.સી.પટેલ વગેરે મહાનુભાવો અને આ તકે ઉપસ્થિત કૃષિ વૈજ્ઞાનિકો દર્શાય છે.

જૂનાગઢ તા.૨૩ જૂનાગઢ કૃષિ યુનિ.માં લસણ અને ડુંગળીના પાક અને બિયારણ પર સંશોધન કરતા કૃષિ વૈજ્ઞાનિકોની વાર્ષિક મીટીંગ મળી હતી. આ મીટીંગમાં જૂદા જૂદા રાજ્યોના કૃષિ વૈજ્ઞાનિકોને સંબોધતા કૃષિ મંત્રીશ્રી દીલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતુ કે, ગુજરાતમાં ડુંગળીનું ઉત્પાદન સૌથી વધારે થાય છે. હેકટર દીઠ ઉત્પાદન પણ ગુજરાતમાં વધારે છે. કૃષિ મંત્રીએ ડુંગળી અને લસણનું ઉત્પાદન કરતા ખેડૂતોને પાકની દ્રષ્ટીએ સલામતિ મળે અને ભાવ જળવાઈ રહે તે જરૂરી હોવાનું જણાવી રાજ્ય સરકાર દ્વારા કૃષિ વિકાસ માટે લેવાયેલા શ્રેણીબધ્ધ પગલાઓની રૂપ રેખા આપી હતી.

કૃષિ મંત્રીશ્રી સંઘાણીએ વધુમાં જણાવ્યું હતુ કે, કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા લસણ અને ડુંગળીની નવી સંશોધિત જાતોની માહિતી અને માર્ગદર્શન ખેડૂતોને મળે તે જરૂરી હોવાનું જણાવી ભાવનગર જિલ્લામાં ડુંગળીને વિશેષ ઉત્પાદન થતું હોય આ વિસ્તારનાં ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન મળે તેવી વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે.

કૃષિ રાજ્ય મંત્રીશ્રી કનુભાઈ ભાલાળાએ જણાવ્યું હતુ કે, ડુંગળી અને લસણના ભાવની ચડ ઉતર વધારે રહે છે. આ માટે ખેડૂતોને નુકસાની ન જાય તે માટેનું આયોજન કરવામાં આવે તે રીતે સંશોધન અને પ્લાનીંગની જરૂરીયાત પર તેઓએ ભાર મુક્યો હતો. કૃષિ તજજ્ઞો ડુંગળી લસણનો પાક તૈયાર થયા પછી સચવાઈ રહે તેમજ યોગ્ય ગુણવત્તાને લીધે ભાવ જળવાઈ રહે તે માટે લાંબાગાળાનું આયોજન કરે તે દિશામાં કામ કરવા તેઓએ અનુરોધ કર્યો હતો.

ઓલ ઈન્ડીયા નેટવર્ક રીસર્ચ પ્રોજેકટ ઓન ઓનીયન એન્ડ ગાર્લીક ગૃપનાં કો.ચેરમેન અને રાજગુરૂનગર, પુનાના ડુંગળી લસણ સંશોધન કેન્દ્રનાં ડાયરેકટર ડો. જયગોપાલએ જણાવ્યું હતુ કે, ભારતમાં ચાલુ વર્ષે ૧૫૦ લાખ ટન ડુંગળીનું ઉત્પાદન થયુ છે તેમાં ૨૦ ટકા ફાળો ગુજરાતનો છે. ગુજરાતમાં અન્ય રાજયોના પ્રમાણમાં વધારે ઉત્પાદન થાય છે. ખેડૂતોએ ડીમાન્ડ અને સપ્લાઈને ધ્યાનમાં રાખીને તેમજ વાતાવરણનો અને બહારનાં પરીબળોને ધ્યાને લઈને વાવેતર કરવામાં આવે તો વધુ ફાયદો થાય છે.

આ મીટીંગમાં ગયા વર્ષેની થયેલી કામગીરી અને આગામી વર્ષના આયોજનો માટે પણ ચર્ચા કરવામાં આવશે. બી.એસ.કે.વી.દાપોલીના કુલ પતિ ડો.લવાન્ડે એ પણ ભારતમાં ડુંગળી અને લસણની સુધારેલી જાતોથી પાકોની ગુણવતા વધી છે. તેમ જણાવ્યું હતુ. જૂનાગઢ કૃષિ યુનિ.નાં કુલપતિ ડો.એન.સી.પટેલે જૂનાગઢ કૃષિ યુનિ.ની કામગીરીની રૂપરેખા આપી ડુંગળી અને લસણ પર થનાર વૈજ્ઞાનિક ચર્ચા અને સંશોધન ખેડૂતોને ઉપયોગી બનશે તેમ જણાવ્યું હતુ.

આ કાર્યક્રમમાં ડુંગળી અને લસણનાં પાકોનું શ્રેષ્ઠ ઉત્પાદન અને માવજત કરનાર ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યું હતુ. યુનિ.નાં પ્રકાશનોનું વિમોચન કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમનાં અંતે આભારવિધિ સંશોધન વૈજ્ઞાનિક ડો. ધડુકે કરી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ જૂનાગઢ આવૃતિ શનિવાર તા. ૨૩ જૂન, ૨૦૧૨

# કૃષિ વૈજ્ઞાનિકો ડુંગળી અને લસણના પાક વાવેતર અને સંશોધન અંગે ખેડુતોને શ્રેષ્ઠ માર્ગદર્શન આપે તે જરૂરી : દીલીપભાઈ સંઘાણી

## જૂનાગઢ કૃષિ યુનિ.માં વૈજ્ઞાનીકોની વાર્ષિક મિટીંગ યોજાઈ

જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢ કૃષિ યુનિ.માં લસણ અને ડુંગળીના પાક અને બિયારણ પર સંશોધન કરતા કૃષિ વૈજ્ઞાનિકોની વાર્ષિક મીટીંગ મળી હતી. આ મીટીંગમાં જુદા જુદા રાજયોના કૃષિ વૈજ્ઞાનિકોને સંબોધતા કૃષિ મંત્રી દીલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ડુંગળીનું ઉત્પાદન સૌથી વધારે થાય છે. હેકટર દીઠ ઉત્પાદન પણ ગુજરાતમાં વધારે છે. કૃષિ મંત્રીએ ડુંગળી અને લસણનું ઉત્પાદન કરતા ખેડુતોને પાકની દ્રષ્ટીએ સલામતી મળે અને ભાવ જળવાઈ રહે તે જરૂરી હોવાનું જણાવી રાજય સરકાર દ્વારા કૃષિ વિકાસ માટે લેવાયેલા શ્રેણીબધ પગલાઓની રૂપ રેખા આપી હતી.



વધુમાં જણાવ્યું હતું કે, કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા લસણ અને ડુંગળીની નવી સંશોધિત જાતોની માહિતી અને માર્ગદર્શન ખેડુતોને મળે તે જરૂરી હોવાનું જણાવી ભાવનગર જીલ્લામાં ડુંગળીનું વિશેષ ઉત્પાદન થતું હોય આ વિસ્તારના ખેડુતોને યોગ્ય માર્ગદર્શન મળે તેવી વ્યવસ્થા રાજય સરકાર દ્વારા કરવામાં આવી છે.

કૃષિ રાજય મંત્રી કનુભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે, ડુંગળી અને લસણના ભાવની ચડ ઉતર વધારે રહે છે. આ માટે ખેડુતોને નુકસાની ન જાય તે માટેનું આયોજન કરવામાં આવે તે રીતે સંશોધન અને પ્લાનીંગની જરૂરીયાત પર તેઓએ ભાર મુકયો હતો.

કૃષિ તજજ્ઞો ડુંગળી લસણનો પાક તૈયાર થયા પછી તે પાક સચવાઈ રહે તેમજ યોગ્ય ગુણવત્તાને લીધે ભાવ જળવાઈ રહે તે માટે લાંબાગાળાનું આયોજન કરે તે દિશામાં કામ કરવા તેઓએ અનુરોધ કર્યો હતો.

ઓલ ઈન્ડીયા નેટવર્ક રીસર્ચ પ્રોજેકટ ઓન ઓનીયન એન્ડ ગાર્લીક ગૃપના કો.ચેરમેન અને રાજગુરૂનગર, પુનાના ડુંગળી લસણ સંશોધન કેન્દ્રના ડાયરેકટર ડો. જયગોપાલ એ જણાવ્યું હતું કે, ભારતમાં ચાલુ વર્ષે ૧૫૦ લાખ ટન ડુંગળીનું ઉત્પાદન થયુ છે તેમાં ૨૦ ટકા ફાળો ગુજરાતનો છે. ગુજરાતમાં અન્ય રાજયોના પ્રમાણમાં વધારે ઉત્પાદન થાય છે. ખેડુતો દ્વારા ડીમાન્ડ અને સપ્લાઈને ધ્યાનમાં રાખીને તેમજ વાતાવરણને અને બહારના પરીબળોને ધ્યાને લઈને વાવેતર કરવામાં આવે તો વધુ ફાયદો થાય તેમ છે. આ મીટીંગમાં ગયા વર્ષની થયેલી કામગીરી અને આગામી વર્ષના આયોજનો માટેની પણ ચર્ચા કરવામાં આવી હતી. બી.એસ.કે.વી.દાપોલીના કુલપતિ ડો.લવાન્ડેએ પણ ભારતમાં ડુંગળી અને લસણની સુધારેલી જાતોથી પાકોની ગુણવત્તા વધી છે, તેમ જણાવ્યું હતું. જૂનાગઢ કૃષિ યુનિ.ના કુલપતિ ડો.એન.સી.પટેલે જૂનાગઢ કૃષિ યુનિ.ની કામગીરીની રૂપરેખા આપી ડુંગળી અને લસણ પર થનાર વૈજ્ઞાનિક ચર્ચા અને સંશોધન ખેડુતોને ઉપયોગી બનશે તેમ જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં ડુંગળી અને લસણના પાકોનું શ્રેષ્ઠ ઉત્પાદન અને માવજત કરનાર ખેડુતોનું સન્માન કરવામાં આવ્યું હતું. યુનિ.ના પ્રકાશનોનું વિમોચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે આભારવીધી સંશોધન વૈજ્ઞાનિક ડો.ધડુકે કરી હતી.

# કૃષિ વૈજ્ઞાનિક ખેડુતોને ડુંગળી અને લસણના પાક વાવેતર અને સંશોધન અંગે ખેડુતોને શ્રેષ્ઠ માર્ગદર્શન આપે તે જરૂરી : મંત્રી દિલીપભાઈ સંઘાણી



જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ કૃષિ યુનિ.માં લસણ અને ડુંગળીનાં પાક અને બિયારણ પણ સંશોધન કરતા કૃષિ વૈજ્ઞાનિકોની વાર્ષિક મીટીંગ મળી હતી. આ મીટીંગમાં જુદા જુદા રાજ્યોનાં કૃષિ વૈજ્ઞાનિકોને સંબોધતા કૃષિ મંત્રી દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યુ હતુ કે, ગુજરાતમાં ડુંગળીનું ઉત્પાદન સૌથી વધારે થાય છે. હેકટર દીઠ ઉત્પાદન પણ ગુજરાતમાં વધારે છે. કૃષિ મંત્રીએ ડુંગળી અને લસણનું ઉત્પાદન કરતા ખેડુતોને પાકની દ્રષ્ટીએ સલામતી મળે અને ભાવ જળવાઈ રહે તે જરૂરી હોવાનું જણાવી રાજય સરકાર દ્વારા કૃષિ વિકાસ માટે લેવાયેલા શ્રેણીબધ પગલાઓની રૂપરેખા આપી હતી.

કૃષિ મંત્રી સંઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા લસણ અને ડુંગળીની નવી સંશોધિત જાતોની માહિતી અને માર્ગદર્શન ખેડુતોને મળે તે જરૂરી હોવાનું જણાવી ભાવનગર જીલ્લામાં ડુંગળીનું વિશેષ ઉત્પાદન થતુ હોય આ વિસ્તારનાં ખેડુતોને યોગ્ય માર્ગદર્શન મળે તેવી વ્યવસ્થા રાજય સરકાર દ્વારા કરવામાં આવી છે.

કૃષિ રાજયમંત્રી કનુભાઈ ભાલાળાએ જણાવ્યુ હતુ કે, ડુંગળી અને લસણના ભાવની ચડ ઉતર વધારે રહે છે. આ માટે ખેડુતોને નુકશાની ન જાગ તે માટેનું આયોજન કરવામાં આવે તે રીતે સંશોધન અને પ્લાનીંગની જરૂરીયાત પર તેઓએ ભાર મુકયો હતો. કૃષિ તજજ્ઞો ડુંગળી લસણનો પાક તૈયાર થયા પછી સચવાઈ રહે તેમજ યોગ્ય ગુણવતાને લીધે ભાવ જળવાઈ રહે તે માટે લાંબાગાળાનું આયોજન કરે તે દિશામાં કામ કરવા તેઓએ અનુરોધ કર્યો હતો.

ઓલ ઈન્ડીયા નેટવર્ક રીસર્ચ પ્રોજેકટ ઓન ઓનીયન એન્ડ ગાર્લીક ગૃપના કો.ચેરમેન અને રાજગુરૂનગર, પુનાના ડુંગળી લસણ સંશોધન કેન્દ્રનાં ડાયરેકટર ડો.જયગોપાલએ જણાવ્યુ હતુ કે, ભારતમાં ચાલુ વર્ષે ૧૫૦ લાખ ટન ડુંગળીનું ઉત્પાદન થયુ છે. તેમાં ૨૦ ટકા ફાળો ગુજરાતનો છે. ગુજરતમાં અન્ય રાજયોનાં પ્રમાણમાં વધારે ઉત્પાદન થાય છે. ખેડુતોએ ડીમાન્ડ અને સપ્લાઈને ધ્યાનમાં રાખીને તેમજ વાતાવરણ એન બહારના પરિબળોને ધ્યાને લઈને વાવેતર કરવામાં આવે તો વધુ ફાયદો થાય છે.

આ મીટીંગમાં ગયા વર્ષે થયેલી કામગીરી અને આગામી વર્ષના આયોજનો માટે પણ ચચા કરવામાં આવશે. બી.એસ.કે.વી. દાપોલીના કુલ પતિ ડો.લવાન્ડેએ પણ ભારતમાં ડુંગળી અને લસણની સુધારેલી જાતોથી પાકોની ગુણવતા વધી છે. તેમ જણાવ્યુ હતુ. જૂનાગઢ કૃષિ યુનિ. કુલપતિ ડો.એન.સી.પટેલે જૂનાગઢ કૃષિ યુનિ.ની કામગીરીની રૂપરેખા આપી ડુંગળી અને લસણ પર થનાર વૈજ્ઞાનિક ચર્ચા અને સંશોધન ખેડુતોને ઉપયોગી બનશે તેમજ જણાવ્યુ હતું.

આ કાર્યક્રમમાં ડુંગળી અને લસણના પાકોનું શ્રેષ્ઠ ઉત્પાદન અને માવજત કરનાર ખેડુતોને સન્માન કરવામાં આવ્યુ હતું. યુનિ.નાં પ્રકાશનોનું વિમોચન કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમનાં અંતે આધારવિધી સંશોધન વૈજ્ઞાનિક ડો.ધડુકે કરી હતી.

(રાજકોટ આવૃત્તિ) ગુજરાત સમાચાર શનિવાર, તા.૨૩ જુન, ૨૦૧૨

## ચીનમાં સંકલનને કારણે ખેડૂતોને મળતું પુરતું વળતર

# કૃષિબજાર અને ખેડૂતોના સંકલન વિના પોષણક્ષમ ભાવ ન મળે

જૂનાગઢ, તા. ૨૨

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે આજે લસણ-ડુંગળી પર સંશોધન પ્રોજેક્ટ અંગેની રાષ્ટ્રીય કક્ષાની બેઠક યોજાઈ હતી. જેમાં કૃષિ નિષ્ણાંતોએ લસણ અને ડુંગળીના ભાવ ગગડતા અટકાવવા સંશોધનની સાથે સાથે માંગ અને પુરવઠાનું આયોજન પણ જરૂરી હોવાનો મત વ્યક્ત કર્યો હતો.

## ડુંગળી અને લસણના રાષ્ટ્રીય પ્રોજેક્ટ અંગે જૂનાગઢ કૃષિ યુનિ.માં સેમિનાર યોજાયો

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી અને લસણ-ડુંગળી-સંશોધન કેન્દ્ર રાજગુરૂનગર પુના દ્વારા લસણ અને ડુંગળીના સંશોધન પ્રોજેક્ટ અંગેની રાષ્ટ્રીય કક્ષાની બેઠક યોજાઈ હતી. જેમાં પુના લસણ ડુંગળી સંશોધન કેન્દ્રના ડાયરેકટર ડો. જય ગોપાલે જણાવ્યું હતું કે ભારતમાં લસણ-ડુંગળીના કુલ ઉત્પાદનનો વીસ ટકા હિસ્સો ગુજરાતમાં ઉત્પાદીત થાય છે અને અન્ય રાજ્યની સરખામણીએ હેકટર દીઠ ઉત્પાદન પણ વધુ છે અને ગુણવતા પણ સારી છે. આમ દેશમાં ગુજરાત લસણ-ડુંગળીના ઉત્પાદનમાં મોખરે છે. પરંતુ વધુ ઉત્પાદન થાય ત્યારે ભાવ ગગડી જાય છે અને ખેડૂતોને પુરતું વળતર મળતું નથી. આ બાબતે એક કૃષિ નિષ્ણાંતે જણાવ્યું હતું કે ભારતમાં માત્ર સંશોધન થાય છે પરંતુ ખેડૂતો અને કૃષિ વૈજ્ઞાનિકો વચ્ચે સંકલન નથી. ચીનમાં ખેડૂતો વચ્ચે કૃષિ નિષ્ણાંતોનું સંકલન છે. એટલે અગાઉથી જ વાવેતર કેટલું કરવું તેનું માર્ગદર્શન અપાય છે. અને ભાવ ગગડે તેને અટકાવવા માટે પણ સંશોધનની સાથે માંગ અને પૂરવઠાનું પણ આયોજન જરૂરી હોવાનો કૃષિ નિષ્ણાંતોએ મત વ્યક્ત કર્યો હતો. કૃષિ મંત્રીએ જણાવ્યું હતું કે ખેડૂતોને ટેકાના ભાવ અને સ્ટોરેજ માટે કેન્દ્ર સરકારમાં દરખાસ્ત કરાયેલી છે તે બાબતે પણ કેન્દ્ર સરકાર ધ્યાન આપે એ જરૂરી છે.

દિવ્ય ભાસ્કર 2 શનિવાર 23 જૂન 2012

# દેશભરના ડુંગળીના ઉત્પાદનમાં ગુજરાતનો 20 ટકા ફાળો

## લસણ અને ડુંગળીનાં પાક-બિયારણનાં સંશોધનકર્તાઓની વાર્ષિક બેઠક મળી



ભાસ્કર ન્યૂઝ.જૂનાગઢ

ભારતમાં ચાલુ વર્ષે 150 લાખ ટન ડુંગળીનું ઉત્પાદન થયું છે. જેમાં ૨૦ ટકા ફાળો ગુજરાત રાજયનો છે. તેમ ઓનીયન એન્ડ ગાર્લીક રીસર્ચ પ્રોજેકટના ચેરમેનએ જણાવ્યું હતું.

જૂનાગઢ કૃષિ યુનિર્વસિટી ખાતે આજે લસણ અને ડુંગળીના પાક અને બિયારણ પર સંશોધન કરતા કૃષિ વૈજ્ઞાનિકોની વાર્ષિક બેઠક યોજાઇ હતી. જેમાં ઓલ ઇન્ડીયા નેટર્વક રીચર્સ પ્રોજેકટ ઓન ઓનીયન એન્ડ ગાર્લીક ગૃપના કો.ચેરમેન અને રાજગુરૂનગર, પુનાના ડુંગળી લસણ સંશોધન કેન્દ્રના ડાયરેકટર ડો.જયગોપાલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં અન્ય રાજયોનાં પ્રમાણમાં ડુંગળીનું વધારે ઉત્પાદન થાય છે. તેમજ જો ખેડૂતો ડીમાન્ડ અને સપ્લાયને તથા વાતાવરણના પરિબળોને ધ્યાને લઇ વાવેતર કરે તો વધુ ફાયદો થશે. આ પ્રસંગે કૃષિમંત્રી દિલીપભાઇ સંઘાણીએ રાજયમાં કૃષિ વિકાસને માટે લેવાયેલા પગલાની રૂપરેખા આપી હતી. જ્યારે કૃષિ રાજયમંત્રી કનુભાઇ ભાલાળાએ ખેડૂતોને નુકસાન ન જાય તે માટેનું સંશોધન અને પ્લાનીંગ કરવા વૈજ્ઞાનિકોને જણાવ્યું હતું. આ પ્રસંગે વિવિધ રાજયોનાં કૃષિ વૈજ્ઞાનિકો, કૃષિમંત્રી, જૂનાગઢ કૃષિ યુનિ.ના કુલપતિ ડો.એન.સી. પટેલની ઉપસ્થિતિમાં ડુંગળી અને લસણના પાકનું શ્રેષ્ઠ ઉત્પાદન માવજત કરનારા ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યુ હતું. તેમજ યુનિ.નાં પ્રકાશનોનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું

ફૂલછાબ રાજકોટ સોમવાર, તા.૨૫-૬-૨૦૧૨

## સૌરાષ્ટ્રની રફતાર

# ડુંગળી અને લસણના વાવેતરમાં બહારના પરિબળોની ચિંતા જરૂરી

જૂનાગઢ : લસણ અને ડુંગળીના વાવેતરમાં ખેડૂતોએ વાતાવરણ અને બહારના પરિબળોને ધ્યાને લઇ વાવેતર કરવા પુનાના ડુંગળી- લસણ સંશોધન કેન્દ્રના ડાયરેક્ટર ડો. જયગોપાલએ અનુરોધ કર્યો હતો.

અત્રેની કૃષિ યુનિ.માં લસણ અને ડુંગળીના પાક અને બિયારણ પર સંશોધન કરતા કૃષિ વૈજ્ઞાનિકોની વાર્ષિક બેઠક યોજાઇ હતી. વૈજ્ઞાનિકોને રાજયના કૃષિ મંત્રી દિલીપભાઇ સંઘાણીએ જણાવ્યું કે, ગુજરાતમાં ડુંગળીનું ઉત્પાદન સૌથી વધુ છે. ખેડૂતોને પાકની દ્રષ્ટિએ સલામતી મળે અને ભાવો જળવાઇ રહે તે જરૂરી ગણાવ્યું હતું.

રાજયમંત્રી કનુભાઇ ભાલાળાએ જણાવ્યું કે, ડુંગળી અને લસણના ભાવની ચડઉતર વધારે રહે છે. તેથી ખેડૂતોને નુકશાન વેઠવું પડે છે. તે અંગે આયોજન કરવા અને સંશોધન પર ભાર મુકવા જણાવ્યું હતું. જયારે ઓલ ઇન્ડિયા નેટવર્ક રીસર્ચ પ્રોજેક્ટ ઓન ઓનીયન એન્ડ ગાર્લીક ગ્રુપના ચેરમેન ડો. જયગોપાલએ જણાવ્યું કે, ભારતમાં ચાલુ વર્ષે ૧૫૦ લાખ ટન ડુંગળીનું ઉત્પાદન થયું છે. તેમાં ૨૦ ટકા ફાળો ગુજરાતનો છે. પરંતુ ખેડૂતોએ ડીમાન્ડ અને સપ્લાઇને ધ્યાનમાં રાખી વાતાવરણ તથા બહારના પરિબળોને ધ્યાને લઇ વાવેતર કરવા સલાહ આપી હતી. કુલપતિ ડો. પટેલએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું.

કેસરી
તા. ૨૨-૦૬-૨૦૧૨
શુક્રવાર
જૂનાગઢ આવૃતિ

# જૂનાગઢ કૃષિ યુનિ.માં આજે ઓનીયન એન્ડ ગાર્લિકની વાર્ષિક ગ્રૃપ બેઠક

જૂનાગઢ કૃષિ યુનિ.નાં ઓડીટોરીયલમાં આવતીકાલે તા.૨૨ નાં સવારે ૧૦ કલાકે કૃષિ અને સહકાર મંત્રી દિલીપભાઈ સંઘાણીની ઉપસ્થિતિમાં ઓનીયન એન્ડ ગાર્લિકનનાં વાર્ષિક ગ્રૃપ બેઠક યોજાશે. આ બેઠકમાં ઓલ ઈન્ડિયા નેટવર્ક રીસર્ચ પ્રોજેક્ટ ઓનીયનનાં કૃષિ તજજ્ઞો પણ ઉપસ્થિત રહેશે. કૃષિ યુનિ.નાં કુલપતિ ડો.એન.સી.પટેલનાં માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

દિવ્ય ભાસ્કર

શુક્રવાર 22 જૂન 2012 12

## જૂનાગઢ કૃષિ યુનિ.માં આજે ડુંગળી તથા લસણ પર સેમિનાર

જૂનાગઢ: જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી અને ડુંગળી - લસણ સંશોધન કેન્દ્ર રાજગુરૂનગર યુનિ.ના સંયુકત ઉપક્રમે આવતીકાલે તા.22ને સવારે 10 કલાકે યુનિ.નાં એડીટોરીયમ હોલ ખાતે ડુંગળી અને લસણના સંશોધન પર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે કૃષિમંત્રી દિલીપભાઈ સંઘાણી, ડો.બાલાસાહેબ સાંવત કોંકણ કૃષિ વિદ્યાપીઠના વાઈસ ચાન્સલર કે.ઈ.લોએન્ડે જૂનાગઢ યુનિ.ના વાઈસ ચાન્સલર એન.સી.પટેલ ઉપસ્થિત રહેશે.